
સચિત્ર

બાલજીવન

પુસ્તક ૩ જું



[illegible]

[illegible]

[illegible]

[illegible]

બાલલેખન

પુસ્તક ૩જું

લેખક અને પ્રકાશક
સોમાભાઈ કીશાભાઈ પટેલ
સુણાવ, (આણંદ થઈને)

વેચાણ વ્યવસ્થાપક
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો, ફુવારા સામે,
અમદાવાદ.

આવૃત્તિ ૧લી	પ્રત ૧૪૦૦	નવેમ્બર ૧૯૩૯

કિં. ૦–૩–૦

દેશબંધુ પ્રિંટિંગ પ્રેસ, આણંદમાં ચિમનલાલ કીશાભાઈ પટેલે છાપ્યું: તા. ૩૦–૧૦–૩૯.

નિવેદન

પ્રાથમિક શાળાના ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓની આગળ લેખનકાર્ય માટે કઈ કઈ જાતનું વસ્તુ રજુ કરી શકાય એના કેટલાક નમૂના આ પુસ્તકમાં છે. આ સિવાય આજ જાતનું બીજું અને બીજી જાતનું પણ વધારે લેખનકાર્ય બાળકો પાસે વરસ દરમિયાન કરાવવામાં આવે એ જરૂરનું છે.

જો શિક્ષક જ અમુક પાન ઉઘડાવી તેમાં જે લખવાનું છે તે બાળક પાસે પોતે કહીને લખાવી દે, તો આ પુસ્તકો જે હેતુસર યોજાયાં છે તે હેતુ બિલકુલ સિદ્ધ થાય નહિ. તેથી આ માળાનાં પુસ્તકોમાં જે લખવાનું છે તે, પહેલા પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે બાળકે જાતે જ વિચાર કરીને લખવું જોઈએ. બાળક આ કામ કરી શકે તે માટે ઘટતી તૈયારી આવી જાતનું બીજું લેખનકાર્ય કરાવીને કરાવી લેવી જોઈએ. દા. ત. આમાં રેંટિયા ઉપર લખવાનું છે તો એ સિવાયની બીજી કેટલીક વસ્તુઓ ઉપર પણ બાળકો પાસે વર્ગમાં લખાવવાથી બાળક રેંટિયા ઉપર પણ પોતાની જાતે લખી શકે.

આ પુસ્તકમાં એકવચનનાં બહુવચનનાં અને નરજાતિનાં નારીજાતિનાં રૂપ લખવાનું આવે છે. આ વ્યાકરણ છે. જો કે સામાન્ય અભ્યાસક્રમ પ્રમાણે આ ધોરણમાં વ્યાકરણના શિક્ષણને સ્થાન નથી તો પણ સહેજે જ સમજૂતિથી અને યોગ્ય રીતે કામ કરાવવામાં આવે તો, બાળકો આ જાતનું કામ કરી શકે છે અને તેઓ વ્યાકરણ શીખે છે એમ જાણે પણ નહિ અને છતાં વ્યાકરણનું ઘણું જ્ઞાન મેળવી શકે છે એવો અનુભવ હોવાથી એ જાતના બે પાઠો આમાં મૂક્યા છે.

જો કે આ માળાનાં ચાર પુસ્તકો પ્રાથ૦ શાળાના ૧લાથી તે ૪થા ધોરણનાં બાળકોની શક્તિનો ખ્યાલ રાખી યોજવામાં આવ્યાં છે; છતાં પણ ક્યાંક કદાચ શિક્ષકોને જે તે ધોરણનાં બાળકો માટે તે તે પુસ્તક અઘરૂં છે એમ લાગે તો તેઓ તેથી આગળ આગળનાં ધોરણનાં બાળકો પાસે તેનો ઉપયોગ કરાવે.

જે પાઠો સામેના પાનની હકીકત પ્રમાણે લખવાના છે તે પાઠો જરૂર હોય ત્યાં ઘટતો ફેરફાર કરીને લખવાના છે.


આ પુસ્તકમાં એક પત્રનો ઉત્તર લખવાનું પણ આવે છે. બાળકોને પત્ર લખતાં આવડે એ જરૂરનું હોવાથી પત્ર સારી રીતે લખતાં આવડે તે માટેની બધી વિગતો એટલે કે મથાળાં કેવી રીતે લખાય, સરનામું કેવી રીતે કરાય વગેરે બધું બાળકને શીખવવું જોઈએ.


શિક્ષક ભાઈબહેનોને આ માળાનાં પુસ્તકો વાપરી પોતાના અનુભવો લખી જણાવી આભારી કરવા વિનંતિ છે.

સુણાવ
બેસતુ વર્ષ
સં. ૧૯૯૬ના કા. ૧


સોમાભાઈ કીશાભાઈ પટેલ


શું છે? શાનું બનેલું છે? શા કામમા આવે છે?






આ પીંજાણ છે.
તે લાકડાની બનેલી છે.
તેનાથી રૂ પીંજાય છે.









તમે રાતે કેટલે વાગ્યે સૂઈ જાઓ છો?

તમે સવારે કેટલે વાગ્યે ઊઠો છો?

તમને કઈ ચોપડી બહુ જ ગમે છે?

તમને કઈ કવિતા સૌથી સારી ગમે છે?

તમને શું થવાનું મન થાય છે?

તમે દિવસમાં કેટલી વખત ખાઓ છો?

તમને કઈ ચીજ બહુ જ ભાવે છે?

તમે કઈ રમત વધારે રમો છો?

ખૂટતા શબ્દો લખી વાક્યો પૂરાં કરો.



બિલાડી

આ ....

તેને ચાર ....

તેને બે ....

તેને એક ....

તેને ડીલે ....

તેને દૂધ ....

તે .... બોલે છે.

તે ઉંદર ....

તે કૂતરાથી ....

નીચેની દરેક લીટીમાં આડાઅવળા શબ્દો છે તે ગોઠવી વાકયો લખો.

હોય છે ચાર પાયા ખુરશીને

પગ હોય છે બે માણસને

ઘડે છે લોઢું રોજ લુહાર

ઝપાટાબંધ ઘોડો લાલ દોડે છે

આ બનાવી છે સુથારે ખુરશી

હોય છે રંગે પોપટ લીલો

સૂરજ ઊગે છે સવારે રોજ

ખૂબ સિપાઈ દોડાવે છે ઘોડાને

ખૂટતા શબ્દો લખો.


બુદ્ધિશાળી કાગડો

એક કાગડો હતો. ખૂબ તરસ
તેથી તે શોધમાં નીકળ્યો. ઘણો
વખત રખડ્યા પછી તેણે એક વાડામાં કૂજો
પાણ તેમાં તળિયે થોડું જ હતું.
તેથી તેની ચાંચ અડકી નહિ. તેથી તેણે
એક યુક્તિ અજમાવી. આજુબાજુથી કાંકરા
લઈને તેણે ચાંચ તે કાંકરા કૂજામાં નાખવા
માંડ્યા. આથી ઊંચે આવ્યું. તેણે તે પાણી
પીધું અને મટાડી.

કીડી અને કબૂતર

એક કીડી અને એક કબૂતર હતું. એક
વાર કીડી તળાવમાં પાણી અને
પાણીમાં તાણાવા લાગી. તળાવની ઉપર વડનું
હતું. વડ ઉપર કબૂતર તેણે એક
પાન તોડીને ફેંક્યું. તેની ઉપર કીડી ચડી ગઈ
અને પાન તાણાતું તાણાતું કાંઠે એટલે તે
પાણીની નીકળી ગઈ. થોડા પછી
એક પારધી પેલા કબૂતરને પકડવા
કીડીએ આ જાણ્યું એટલે કબૂતરને પગે જઈને
તે કરડી; તેથી ઊડી ગયું; તેથી
તેને પકડી

આ નીચે ઘોડાની હકીકત લખી છે તેવીજ રીતે સામેના પાનમાં ગાયની હકીકત લખો.



આ ઘોડો છે.

તેનો રંગ ધોળો છે.

તેને ચાર પગ છે.

તેને બે કાન છે.

તેને એક પૂંછડું છે.

તેને બે આંખો છે.

ઘોડો બહુ ઉપયોગી છે.


તેના ઉપર સવારી થાય છે.

તેને ઘોડાગાડીએ પણ જોડાય છે.

હું ઘોડો રાખું છું.

મને ઘોડા ઉપર બેસવું ગમે છે.

આઠમા પાન ઉપર ઘોડાની હકીકત લખી છે. તમે આ પાન ઉપર તેવી જ રીતે ગાયની હકીકત લખો.



તમને ગમતી કવિતાની સોળ લીટીઓ લખો.

નીચેના પૈકી એક એક શબ્દ વાપરી વાક્યો બનાવો.

રેશમ, ઊન, સૂતર, તકલી, રેંટિયો, પીંજણ, મીઠું, આગગાડી, આગબોટ, વરસાદ, ગોળ, કેળાં, સવારમાં, ચોમાસામાં, પતંગ, છરી.

નીચેના સવાલના જવાબ પૂરાં વાકયોમાં આપો.

દિવાળી કયા મહિનામાં આવે છે?

હોળી કયા મહિનામાં આવે છે?

મહિનાને કયે દિવસે પૂરો ગોળ ચાંદો ઊગે છે?

મહિનાને કયે દિવસે ચાંદો બિલકુલ ઊગતો નથી?

મીઠું શામાંથી બનાવે છે?

ગ્યાસતેલ કયાંથી નીકળે છે?

સાચાં મોતી કયાંથી નીકળે છે?

રબર શાનું બને છે?

નીચેનાં સંબંધી ચાર ચાર વાકયો લખો.

શિયાળો

ઉનાળો

ચોમાસું



પોપટનો રંગ લીલો હોય છે.

તેને બે પગ હોય છે.

તેને એક ચાંચ હોય છે.

તેની ચાંચ વાંકી હોય છે.

તેને બે પાંખો હોય છે.

તે પાંખો વડે ઊડે છે.

તે માણસના જેવું બોલે છે.

કેટલાક લોકો પોપટ પાળે છે.

મેં પોપટ જોયો છે.

મને પોપટની વાર્તા આવડે છે.

૧૪મા પાન ઉપર પોપટની હકીકત લખેલી છે તેવીજ રીતે આ પાનમાં કાગડાની હકીકત લખો.

કાગડો

નીચે નામનાં એકવચનનાં રૂપ લખેલાં છે. તમે તેમની સામે તેનાં બહુવચનનાં રૂપ લખો.

છોકરો	છોકરા
જોડો	
કૂતરો	
હોલો	
કાગડો	
પાટલો	
કેળું	
બારણું	
વાંદરું	
ઘેટું	
બારી	
ચકલી	
ઘંટી	
કેરી	

નીચે દશ વાક્યો છે. તેમાંનાં પાંચ ગાય સંબંધી અને પાંચ પોપટ સંબંધી છે. તમે તેને જુદાં જુદાં લખો.


મારે એક ચાંચ છે.	મારે ચાર પગ છે.
મારો રંગ લીલો છે.	મારો રંગ ધોળો છે.
મારે બે પાંખો છે.	હું દૂધ આપું છું.
હું ઘાસ ખાઉં છું.	મને ફળ ભાવે છે.
હું આકાશમાં ઉડું છું.	હું જંગલમાં ચરવા જાઉં છું.

ગાય

પોપટ

એક નાની વાર્તા લખો.

ચિત્ર જુઓ અને નીચેના પ્રશ્નોના જવાબ આપો.



આ ચિત્ર શાનું છે?


આખા વર્ગમાં કેટલા છોકરા છે?

પહેલી હારમાં કેટલા છોકરા છે?

ભીંતે શું લટકાવેલું છે?

પાટિયા સામે ઉભેલું કોણ છે?

આ નીચે હળની હકીકત લખી છે તેવીજ રીતે સામેના પાનમાં રેંટિયાની હકીકત લખો.



આ હળ છે.

તે લાકડાનું બનેલું છે.

તેને મારા ગામના સુથારે બનાવ્યું છે.

તે ખૂબ મજબુત છે.


હું તેને ઘણા વરસથી વાપરું છું.

તેનાથી જમીન ખેડાય છે.

તેના મેં પાંચ રૂપિયા આપ્યા હતા.

હળ ઉપયોગી ઓજાર છે.

૨૦મા પાન ઉપર હળની હકીકત છે. તેવીજ રીતે
આ પાન ઉપર રેંટિયાની હકીકત લખો.



નીચેના શબ્દોની નારીજાતિનાં રૂપ લખો.

નરજાતિ	નારીજાતિ
ઘોડો	ઘોડી
છોકરો	
પાડો	
કૂતરો	
વાંદરો	
ચકલો	
કાગડો	
ઘેટો	
બકરો	
કાચબો	
હોલો	
બિલાડો	
દેડકો	
ગધેડો	
વાછડો	

તમારા મિત્ર તરફથી તમને મળેલા નીચેના પત્રનો ઉત્તર લખો.

આણંદ

તા. ૧-૧૧-૩૯

વહાલા મિત્ર,

હવે ઉનાળો બેઠો છે. સવારમાં હવા ખુશનુમા હોય છે. અમે દરરોજ સવારે વહેલા ફરવા જઈએ છીએ. તું અમારી સાથે આવશે ? ખૂબ મઝા આવે છે. જવાબ લખજે. આવવું હોય તો વહેલો ઊઠી તૈયાર થઈ રહેજે. અમ જતી વખતે તને બોલાવતા જઈશું.

લિ.

રમણના વંદન.

નીચેના સંબંધી ત્રણ ત્રણ વાક્યો લખો.

બાવળ

ચકલી

પતંગ

બળદ

તમારી વાચનમાળાના ગમે તે એક પાઠનો સાર લખો.

વડ

મ વડ જોયો છે.
તેનું થડ બહુ જાડું હોય છે.
થડમાંથી મોટાં મોટાં ડાળ ફૂટેલાં હોય છે.
ડાળમાંથી ડાળીઓ ફૂટેલી હોય છે.
ડાળીઓને છેડે પાંદડાં હોય છે.
તેનો રંગ લીલો હોય છે.
વડના ફળને ટેટા કહે છે.
પાકા ટેટાનો રંગ લાલ હોય છે.
પક્ષીઓ તે ખાય છે.
ટેટામાં નાનાં નાનાં પુષ્કળ બી હોય છે.
વડનું લાકડું પોચું હોય છે.
વડનું ઝાડ બહુ મોટું હોય છે.
વડની છાયામાં ઠંડક લાગે છે.
રસ્તાઓ ઉપર વડ રોપવા જેવા છે.

૨૬મા પાન ઉપર વડની હકીકત છે તેવી રીતે આ પાન ઉપર લીમડાની હકીકત લખો.

લીમડો

નીચેના ચિત્ર સંબંધી ચાર ચાર વાક્યો લખો.



